


AAPએ છોડ્યો કોંગ્રેસનો હાથ
વાંચો પેજ નં. 2

RNI Title Code : GUJGUJ18197

ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 07 June 2024, Friday | Page : 10 | Year : 1 | Issue : 198 | Price: 2/-

# મોદી-શાહના લીધે શેરબજારમાં લોકોએ કરોડો ખોયાઃ રાહુલ



સમગ્ર કૌભાંડની JPC તપાસ કરવા રાહુલની માગ

ભારત હેડલાઈન, તા.૬

રાહુલ ગાંધીએ ગુરુવારે સાંજે પાર્ટી મુખ્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ કરી. ૪ જૂનના પરિણામના દિવસે શેરબજારમાં થયેલા ઘટાડા પર રાહુલ ગાંધીએ મોટા આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું, 'PMએ દેશને કહ્યું કે શેરબજાર ઝડપથી આગળ વધી રહ્યું છે. ગૃહમંત્રીએ સીધું કહ્યું કે ૪ જૂને શેરબજાર આગળ વધશે. લોકોએ ખરીદી કરવી જોઈએ. આ પછી નાના રોકાણકારોને કરોડોનું નુકસાન થયું હતું.' રાહુલે કહ્યું, 'આ એક મોટું કૌભાંડ છે, તેની JPC તપાસ થવી જોઈએ. ૪ જૂન પહેલા શેર ખરીદો. એક્ઝિટ પોલ ૧લી જૂને આવશે. ૩ જૂને શેરબજારે રેકોર્ડ તોડ્યો. ૪ જૂને શેરબજાર નીચે આવી જાય છે. ૩૧ મેના રોજ ભારે સ્ટોક એક્ટિવિટી હતી. આ એવા લોકો હતા જેમને ખબર હતી કે કોઈ કૌભાંડ ચાલી રહ્યું છે. અહીં હજારો કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. ૩૦ લાખ કરોડનું નુકસાન થયું. રિટેલ રોકાણકારોને નુકસાન થયું. આ ભારતનું સૌથી મોટું કૌભાંડ છે.'

# વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટનું ચોથું પરીક્ષણ



ભારત હેડલાઈન, તા.૬

વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ સ્ટારશિપ આજે એટલે કે ૫ જૂને સાંજે ૬.૨૦ વાગ્યે બોકા ચિકા, ટેક્સાસથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ ૬૫ મિનિટનો છે. આમાં, સ્ટારશિપને અવકાશમાં લઈ ગયા પછી, તેને પૃથ્વી પર પાછા લાવવામાં આવશે અને પાણીમાં લેન્ડિંગ કરવામાં આવશે. આ વખતના પરીક્ષણનો મુખ્ય ધ્યેય એ જોવાનો છે કે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ દરમિયાન સ્ટારશિપ ટકી શકે છે કે નહીં. અગાઉ, રોકેટનું ત્રીજું પરીક્ષણ લગભગ સફળ રહ્યું હતું, જે બોકા ચિકા, ટેક્સાસથી ૧૪ માર્ચે સાંજે ૬:૫૫ કલાકે લોન્ચ કરવામાં આવ્યું હતું. અવકાશમાં લઈ જવામાં આવ્યા બાદ, સ્ટારશીપ સાંજે ૭.૫૯ કલાકે હિંદ મહાસાગરમાં ઉતરવાનું હતું, પરંતુ પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશ્યા બાદ જ્યારે રોકેટ ૬૫ કિમી ઉપર હતો ત્યારે તેનો સંપર્ક તૂટી ગયો હતો. દુનિયાના બીજા સૌથી ધનિક બિઝનેસમેન એલોન મસ્કની કંપની SpaceX એ આ રોકેટ બનાવ્યું છે.

# ફરીથી સરકાર બનવાથી રાહુલ પરેશાન, ઇન્વેસ્ટર્સમાં ભય પેદા કરી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસઃ પિયુષ ગોયલ

ભારત હેડલાઈન, તા.૬

પીયુષ ગોયલે આજે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું હતું કે રાહુલ ગાંધીએ આજે તેમની પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ અને અમારા નેતાઓ પર કરેલા વાહિયાત આક્ષેપો સ્પષ્ટપણે દર્શાવે છે કે રાહુલ ગાંધી લોકસભાની ચૂંટણીમાં વિપક્ષની હારની નિરાશામાંથી સાજા થયા નથી. હવે રાહુલ ગાંધી માર્કેટના રોકાણકારોને પણ ગેરમાર્ગે દોરવાનું કાવતરું કરી રહ્યા છે. શેર બજારમાં હાલત બદલાતી રહેતી હોય છે. મોદી સરકારમાં શેરબજારમાં ઐતિહાસિક વધ્યું છે. આમ ઈન્વેસ્ટર્સને બજારનો ફાયદો મળે છે. છેલ્લા ૧૦ વર્ષમાં માર્કેટ કેપ વધી છે. હવે ૪૦૦ લાખ કરોડથી પણ વધુનું માર્કેટ કેપ થયું છે.



# CISF મહિલા જવાને કંગનાને લાફો ઝીંકી દીધો





ચંદીગઢ એરપોર્ટની ઘટનાઃ આરોપીએ કહ્યું– તેણે કહ્યું હતું ખેડૂતોના આંદોલનમાં મહિલાઓ ૧૦૦ રૂપિયા લઈને બેસે છે, ત્યાં મારી મા પણ હતી

ભારત હેડલાઈન, તા.૬


કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર તૈનાત મહિલા CISF જવાને થપ્પડ મારી છે. કંગનાને થપ્પડ મારનાર મહિલા સૈનિકનું નામ કુલવિંદર કૌર હોવાનું કહેવાય છે. આ મામલે કુલવિંદરનું નિવેદન સામે આવ્યું છે, ખેડૂતોના આંદોલન પર કંગનાના નિવેદનથી તે દુઃખી થઈ ગઈ છે. કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે કે મહિલાએ તેને થપ્પડ મારી છે અને તેની સાથે દુર્વ્યવહાર પણ કર્યો છે. કંગના રનૌતે આ મામલે ફરિયાદ કરી છે અને મહિલા જવાનને નોકરીમાંથી હટાવવાની અને તેની સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

## CISFના DGએ આરોપી મહિલા સિપાહીને કર્યા સસ્પેન્ડ

હિમાચલ પ્રદેશના મંડીથી લોકસભા ચૂંટણી જીતનાર અભિનેત્રી કંગના રનૌતને ચંડીગઢ એરપોર્ટ પર એક મહિલા CISF કર્મચારી દ્વારા થપ્પડ મારવાની ઘટના સર્જાઈ છે. આરોપી મહિલા CISF કર્મચારી સામે હવે કડક કાર્યવાહી કરવામાં આવતા આ સમગ્ર મામલે CISFના DGએ કાર્યવાહી કરતા કંગનાને થપ્પડ મારનાર CISFની મહિલા કોન્સ્ટેબલ કુલવિંદર કૌરને સસ્પેન્ડ કરી દીધી છે. તથા તેની વિરુદ્ધ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં FIR પણ દાખલ કરાવવામાં આવી છે. આ સાથે જ તપાસ માટે પણ આદેશ આપવામાં આવ્યા છે.

## દિલ્હીમાં હાર મળ્યાં બાદ AAPના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે કરી મોટી જાહેરાત

# AAPએ છોડ્યો કોંગ્રેસનો હાથ




ભારત હેડલાઈન, તા.૬

આમ આદમી પાર્ટીની દિલ્હીમાં સાતેય સીટ પર હાર બાદ કોંગ્રેસની સાથે ગઠબંધન ખતમ કરવાની જાહેરાત કરી છે. આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરે ગુરુવારે બેઠક બાદ આ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસની સાથે ગઠબંધન લોકસભા ચૂંટણી માટે જ હતું, વિધાનસભા ચૂંટણી પાર્ટી એકલા હાથે લડવા જઈ રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને તમામ ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં લોકસભા ચૂંટણીમાં મળેલી હાર અને આગામી વિધાનસભા ચૂંટણીને લઈને ચર્ચા કરવામાં આવી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીતમાં ગોપાલ રાયે સ્પષ્ટ કરી દીધું કે તેમની પાર્ટીએ વિધાનસભા ચૂંટણી એકલા લડવાનો નિર્ણય લીધો છે.

ગોપાલ રાયે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, પહેલાથી સ્પષ્ટ છે કે આ ગઠબંધન લોકસભા ચૂંટણી માટે હતું. લોકસભા ચૂંટણી અમે મળીને ઈમાનદારીથી લડી. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોઈ ગઠબંધન નથી. દિલ્હીની અંદર દિલ્હીની જનતાની સાથે મળીને અમે આ લડાઈને લડ્યા અને જીત્યા. બાદમાં અગઈ સાથે વાતચીતમાં પોતાની વાત ફરી કહેતા રાયે કહ્યું, લોકસભા ચૂંટણીના પહેલા દિવસથી સ્પષ્ટ છે કે ઈન્ડીયા ગઠબંધન લોકસભા ચૂંટણી માટે બન્યું હતું, અમે સાથે મળીને લડ્યા. જ્યાં સુધી વિધાનસભા ચૂંટણીની વાત છે, તે માટે કોઈ ગઠબંધન નથી બન્યું. આમ આદમી પાર્ટી પૂરી તાકાત સાથે ચૂંટણી લડશે.

આમ આદમી પાર્ટી લોકસભા ચૂંટણીમાં વિપક્ષી દળોના I.N.D.I.A. ગઠબંધનમાં સામેલ હતી. પાર્ટી દિલ્હીની સાત લોકસભા સીટ પર કોંગ્રેસની સાથે ગઠબંધન કરીને ભાજપ સામે મુકાબલો કરવા ઉતરી. ચાર સીટ પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર લડ્યા તો ત્રણ કોંગ્રેસના ફાળે ગઈ હતી. જો કે તમામ સીટ પર ગઠબંધનને હારનો સામનો કરવો પડ્યો. પરિણામ જાહેર થયાને ત્રીજા જ દિવસે આપે આગળ એકલા ચાલવાની જાહેરાત કરી છે.

### અરવિંદ કેજરીવાલે પહેલાં જ સંકેત આપ્યા હતા

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બીજી વખત જેલ ગયા તે પહેલા એક ટીવી ઈન્ટરવ્યૂમાં સંકેત આપ્યા હતા કે તેઓ કોંગ્રેસની સાથે ભવિષ્યમાં મિત્રતા ખતમ કરી શકે છે. કોંગ્રેસની સાથે ગઠબંધનના ભવિષ્યને લઈને પૂછેલા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે, અમે કોંગ્રેસની સાથે કોઈ પરમેનેન્ટ લગ્ન નથી કર્યા, ન તો અમારા લવ મેરેજ થયા છે કે ન એરેન્જ મેરેજ. આપના રાષ્ટ્રીય સંયોજકે દલીલ કરી હતી કે બંધારણ અને લોકતંત્રની રક્ષા માટે તેમની પાર્ટી ગઠબંધનમાં સામેલ થઈ હતી.

# સેન્સેક્સે ફરી 75000ની સપાટી વટાવી લીધી



ભારત હેડલાઈન, તા.૬

લોકસભા ચૂંટણીના બિનઅપેક્ષિત પરિણામોના પગલે શેરબજારમાં એક દિવસમાં નોંધાયેલ ધોવાણ રિકવર થઈ રહ્યું છે. ૪ જૂને સેન્સેક્સમાં ૪૩૮૯ પોઈન્ટના કડાકા બાદ છેલ્લા બે દિવસમાં સેન્સેક્સ ૨૯૯૫.૪૬ પોઈન્ટ સુધર્યો છે. રોકાણકારોની મૂડી પણ રૂ. ૨૧.૧૨ લાખ કરોડ વધી છે. આજે સેન્સેક્સ વધુ ૬૯૨.૨૭ પોઈન્ટ ઉછળી ૭૫૦૭૪.૫૧ પર બંધ આપવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૨૦૧.૦૫ પોઈન્ટ ઉછાળા સાથે ૨૨૮૨૧.૪૦ પર બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડે નિફ્ટી ૨૩૦૦૦ની સપાટીથી થોડો જ દૂર રહ્યો હતો. બીએસઈ માર્કેટ કેપ આજે વધુ ૭.૮૯ લાખ કરોડ વધી રૂ. ૪૧૫.૯૬ લાખ કરોડ થયુ હતું.

**રોકાણકારોની મૂડી બે દિવસમાં ૨૧ લાખ કરોડ વધી**

# MP મોકરિયાએ લાંચ આપેલી એ ભીખા ઠેબાની ધરપકડ

## TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ ડે. ચીફ ફાયર ઓફિસર સામે ACBમાં ફરિયાદ, 80 લાખની અપ્રમાણસર મિલકતમાં કાર્યવાહી



ભારત હેડલાઈન, તા.૬

રાજકોટના ચકચારી TRP ગેમઝોન અગ્નિકાંડ ફાયર સહિતના વિભાગના જવાબદારો સામે તપાસ ચાલી રહી છે. ત્યારે મનપાના ડે. ચીફ ફાયર ઓફિસર સામે એન્ટિ કરપ્શન બ્યૂરો (ACB)એ ફરિયાદ નોંધી છે. રાજકોટ મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા સામે અપ્રમાણસર મિલકતની એસીબીએ ફરિયાદ દાખલ કરી કરી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યસભા સાંસદ રામ મોકરિયાએ તેમની પાસેથી ઠેબાએ ૭૦ હજારની લાંચ લીધી હોવાનું એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું. જોકે, તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે સાંસદ બન્યા બાદ ઠેબાએ તેમને ૭૦ હજાર પાછા આપી દીધા હતા.

રાજકોટ TRP અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા એસીબીને પણ તપાસ સોંપવામાં આવતાં ACB દ્વારા ફાયર તેમજ ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓને ત્યાં સર્ચ શરૂ કરવામાં આવ્યું હતું. જે તપાસના અંતે આજે રાજકોટ એસીબી દ્વારા રાજકોટ મહાનગર પાલિકાના ક્લાસ ૨ ઓફિસર ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા સામે અપ્રમાણસર મિલકત અંગે ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરૂદ્ધ રૂ.૭૯,૯૪,૧૫૩ એટલે કે ૬૭.૨૭% વધુ અપ્રમાણસર મિલકતતો મળી આવી હોવાનું એસીબી તપાસમાં સામે આવ્યું છે.

# કમિશનર દ્વારા મનપાની તમામ કચેરીમાં ફાયર સેફટી ચકાસવા આદેશ : અન્ય ઓફિસોમાં પણ કરાશે તપાસ

## હોકર્સ ઝોન, ઓડિટોરીયમ, ઝોનથી માંડી વોર્ડ ઓફિસોમાં કરાશે ખરાઇ

### જરૂર હોય તે જગ્યા માટે સાધનો ખરીદવા તુરંતમાં ટેન્ડર : શહેરમાં ૬૦% મિલ્કતોની ચકાસણી થઇ ગઇ : દેવાંગ દેસાઇ

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટમાં ફાયર સેફટી અને એનઓસી વગરના બાંધકામો સીલ કરવા ધડાધડ કાર્યવાહી ચાલી રહી છે ત્યારે હવે ખુદ મ્યુનિ. કોર્પોરેશનની મિલ્કતો, શાળા સંકુલોમાં ફાયર સેફટીની ચકાસણી કમિશ્નર દેવાંગ દેસાઇએ શરૂ કરાવી દીધી છે. ત્રણે ઝોનના સીટી ઇજનેરોને આ જવાબદારી સોંપીને ચીફ ફાયર ઓફિસર મારફત ખરાઇ કરવા જણાવાયું છે. આથી ટુંક સમયમાં આ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે અને જયાં જયાં ફાયર સેફટીની જરૂર હોય ત્યાં સાધનો ખરીદીને પણ મૂકવાની કાર્યવાહી થશે તેમ જણાવ્યું છે. કમિશનર દેવાંગ દેસાઇએ વાતચીતમાં જણાવ્યું હતું કે રાજકોટમાં ફાયર સેફટીને પાત્ર મિલ્કતોની ચકાસણીનું કામ ૬૦ થી ૭૦ ટકા જેવું પુરૂ થયું છે. આવતા સપ્તાહે આવી કુલ ૧૨૦૦ થી ૧૪૦૦ જેટલી મિલ્કતોનો સર્વે પુરો થઇ જશે. સરકારે નિયત કરેલી છ કેટેગરીમાં હાલ આ કામ કરવામાં આવી રહ્યું છે. હોસ્પિટલ, બિલ્ડીંગ, ટયુશન કલાસીસ, મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરીયમ, સિનેમા હોલ, વોટર પાર્કમાં કે જયાં લોકોની વધુ ભીડ થતી હોય ત્યાં અગ્રતા આપવામાં આવી રહી છે. આઇટી વિભાગમાંથી ટેકસના આધારે, વોર્ડ ઇન્સ્પેકટર સહિતના વિભાગોમાંથી આ કેટેગરીની મિલ્કતોની યાદી મંગાવવામાં આવી રહી છે. બે દિવસમાં આ રીપોર્ટ પણ આવી જશે. હવે મહાપાલિકાની પોતાની મિલ્કતો ઉપર મનપાનું ધ્યાન છે. કોર્પોરેશનની માલિકીની છસ્સો જેટલી મિલ્કત છે. મુખ્ય ઝોન કચેરીઓ, વોર્ડ ઓફિસ, ઓડિટોરીયમ, દવાખાના, ફરવાના સ્થળો, લાયબ્રેરી, શાક માર્કેટ સહિતના હોકર્સ ઝોન, જુદા જુદા વિભાગની કચેરી, પમ્પીંગ સ્ટેશનોમાં ચકાસણી ઇજનેરોની ટીમે શરૂ કરી દીધી છે. જે નિયમ ખાનગી મિલ્કતને લાગુ પડે છે તે સરકારી મિલ્કતને પડે છે. આ તમામ જગ્યામાં કેટલી જગ્યાએ ફાયર સેફટીની જરૂર છે તેનો રીપોર્ટ બનાવાશે. તેમાં મોટા પ્રમાણમાં સાધનોની ખરીદી પણ જરૂર પડે તેમ હોય, ખરીદીના ટેન્ડર બહાર પાડવામાં આવશે.

કોર્પોરેશન ઉપરાંત રાજય અને કેન્દ્ર સરકારની અન્ય કચેરીઓમાં પણ આ જ રીતે ચકાસણી ચાલી રહી છે. કચેરીઓ પોતાની રીતે ચકાસણી કરે છે પરંતુ ફાયરના નિયમો અંગે મનપા તેમને માર્ગદર્શન આપશે. આ અંગે વિભાગો સાથે સંકલનની કામગીરી ચાલી રહી છે. જરૂર હોય તે સરકારી વિભાગોના પણ નોટીસ આપવામાં આવશે હાલ સરકારના માર્ગદર્શન મુજબ આ કડક કાર્યવાહી કરીને રોજેરોજ ગાંધીનગર ખાતે રીપોર્ટ પણ મોકલાઇ રહ્યા છે.



### ફાયર બ્રિગેડમાં તુરંતમાં ભરતી

ફાયર વિભાગમાં અગાઉ ૬૪ કર્મચારીના સ્ટાફની ભરતી પ્રક્રિયા થતા તે પૈકી ૪૩ કર્મચારી તુરંતમાં ભરવાનું કામ બે દિવસમાં હાથ પર લેવામાં આવશે. ૧૧ કેડરનો મામલો કોર્ટમાં ગયો છે. એનઓસી સહિતની ઝડપી પ્રક્રિયા માટે આ કાર્યવાહી ઝડપથી પૂરી કરાશે તેમ કમિશ્નરે કહ્યું હતું.

# વાવડીમાં ૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવતું તંત્ર

## પુનિતનગર પાણીના ટાંકા પાસે ૪૦ જેટલા કાચા મકાન સહિતનું દબાણ દૂર કરાયું

### આજે કોઠારિયામાં મેગા ડિમોલિશન

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટ જિલ્લામાં જમીનના ભાવો આસમાને પહોંચી ગયા છે. ત્યારે ભૂમાફિયાઓ દ્વારા સરકારી જમીન ઉપર દબાણો કરી કબ્જા કરવા લાગ્યા છે. ચૂંટણીના કારણે સરકારી જમીન પર થયેલા દબાણો હટાવવાની કામગીરી અટકાવી દેવામાં આવી હતી. પરંતુ લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ કલેક્ટર પ્રભવ જોશીના આદેશથી આજથી સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા માટે તંત્ર કામે લાગી ગયું છે. આજે સવારથી જ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પુનિત નગર પાણીના ટાંકા પાસે સરકારી જમીન પર થયેલ દબાણ પર બુલ્ડોઝર ફેરવી દઈ ૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

રાજકોટ શહેરની ભાગોળેના વિસ્તારોમાં આવેલ કરોડોની કિંમતની સરકારી જમીન પર છાસવારે અમુક



ભૂમાફિયાઓ દબાણ કરી ધંધા-રોજગાર શરૂ કરી દીધા છે. ત્યારે ચૂંટણી ટાણે જ જિલ્લા કલેક્ટરે તમામ તાલુકા મામલતદારોને સરકારી જમીન પર થયેલા દબાણો અંગે સર્વે કરી ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ દબાણો દૂર કરવાના આદેશો આપ્યા હતાં. રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર પુનિત નગરના ટાંકા પાસે વાવડીસર્વે નં. ૧૪૯ની ૫૦ કરોડની કિંમતની ૧૬૦૦૦ ચો.મી. જમીન પર ૪૦ જેટલા કાચા-પાકા મકાનો ઝુપડા, ભંગારના ડેલા, ઢોરના વાળા અને રેકડી ધારકોએ દબાણ કર્યુ હતું. જેને આખરી નોટીસ આપ્યા બાદ તાલુકા મામલતદાર મકવાણા, નાયબ મામલતદાર કિરિટસિંહ ઝાલા, રઘુવીરસિંહ વાઘેલા, સર્કલ ઓફિસર કથિરિયા, તલાટી મંત્રી સાગરભાઈ સહિતનો કાફલો પુરતા પોલીસ બંદોબસ્ત સાથે સવારથી જ ડિમોલેશન શરૂ કર્યુ હતુ અને બપોર સુધીમાં ૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવી નાખી હતી.

આજે કોઠારિયા સર્વે નં. ૧૬૩ પૈકીની ૫૦ કરોડની કિંમતી સરકારી જમીન પર થયેલા દબાણો હટાવવા માટે મેગા ડીમોલીશન હાથ ધરવામાં આવનાર હોવાનું તાલુકા મામલતદાર મકવાણાએ જણાવ્યું છે.

## પાલક દંપતિ મારી પાસે દેહવ્યાપાર કરાવે છે !

# સગીરાએ ખોટી સ્ટોરી ઉભી કરી ૧૮૧ની ટીમને ટલ્લે ચડાવી

### અંતે ભાઈ અને પિતાની પૂછતાછ કરતાં ભાંડો ફૂટ્યો




ભારત હેડલાઈન, તા.૬

૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ગઈકાલે સાંજે કોઈ જાગૃત નાગરીક મારફત ૧૪ વર્ષની સગીરાએ ફોન કર્યો હતો. ૧૮૧ના કાઉન્સેલર તેમની ટીમ સાથે દોડી ગયા હતા. સગીરાએ કાઉન્સિલિંગમાં જણાવ્યું કે, તેમનો પરિવાર મૂળ નેપાળનો છે રાજકોટના મફતીયાપરામાં રહેતા હતા તે ત્રણ બહેન અને એક ભાઈ છે, પિતા હયાત નથી. માતાએ બીજા લગ્ન કર્યા છે. તેને મુંબઈના એક વૃદ્ધને ૫૦ હજાર રૂપિયામાં ઘણા સમય પહેલા વેંચી દેવામાં આવી હતી. જ્યાંથી તે ભાગીને રાજકોટ આવી હતી. રેલવે સ્ટેશને એક મહિલા તેને પોતાના ઘરે લઈ ગઈ હતી અને સગીરા ત્યાં જ રહેતી હતી. આ મહિલા અને તેના પતિ દ્વારા સગીરાને બળજબરી પૂર્વક દેહવ્યાપારનો ધંધો કરાવે છે બીજી ત્રણ-ચાર કિશોરીઓને પણ તેની જેમ જ ગોંધીને રાખી છે.

૧૮૧ની ટીમે તત્કાલ સગીરા જ્યાં હતી તે સ્થળ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં આવતું હોવાથી સગીરાને કુવાડવા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલી હતી પોલીસ દ્વારા સગીરા અંગે વધુ વિગત મેળવવા પ્રયાસ કરાયા હતા. દરમિયાન તેના પિતા અને બહેન બંનેનો સંપર્ક થતા પિતા-બહેનને પોલીસ મથકે બોલાવી પુછપરછ કરતા સગીરાએ તમામ માહિતી ખોટી આપી હોવાનું ખુલ્યું હતું. આ સગીરા અગાઉ પણ ઘરેથી ભાગી ગઇ હતી અને કોઈના કહ્યામાં રહેતી ન હોવાનું જાણવા મળેલું હતું. આ પછી પોલીસે સગીરાને સમજાવી પરિવારને પરત સોંપવામાં આવી હતી.

# નશામાં ધૂત યુવતીએ અકસ્માત સર્જી પોતાની જાતે જ પોતાનું એક્ટીવા સળગાવી નાખ્યું!

### હાથમાં દાતરડું લઈ, ગાળો ભાંડી, ધમાલ મચાવતી યુવતી સામે કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી

ભારત હેડલાઈન, તા.૬

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલ આવાસ યોજના ક્વાર્ટર નજીકનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં બે યુવતી વાહન લઈને જતા અકસ્માત સર્જાયો હતો. જે બાદ વાહન નુકસાની અંગે ખર્ચ માગતા વાહન અથડાવનાર યુવતીએ ગુસ્સામાં પોતાના જ એક્ટિવામાંથી પેટ્રોલ કાઢી આગ ચાંપી દીધી હતી તાલુકા પોલીસ દ્વારા યુવતી સામે જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.



રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલ આવાસ યોજના ક્વાર્ટર નજીકનો એક વીડિયો વાઈરલ થયો પામ્યો છે. જેમાં બે યુવતીઓ વાહન અથડાવવા બાબતે બોલાચાલી કરતી હોવાનું જોવા મળી રહ્યું છે. જે પૈકી વાહન અથડાવનાર યુવતી હાથમાં ધારદાર દાતરડું ખુલ્લેઆમ લઈને સામેવાળી યુવતીને ડરાવી રહી છે અને ત્યાંથી નાસી જવા કોશિશ કરે છે. પરંતુ યુવતી વાહનની આગળ ઊભી રહી જતાં વાહન અથડાવનાર યુવતીએ પોતાનું એક્ટિવા પછાડી તેમાં દાતરડું મારી પેટ્રોલ કાઢી એક્ટિવા ઉપર પેટ્રોલ છાંટી આગ ચાંપી દીધી હતી.સમગ્ર મામલે વીડિયો વાઈરલ થતા રાજકોટ તાલુકા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાલુકા પોલીસ દ્વારા આ અંગે કાર્યવાહી કરવામાં આવી છે વિડીયોમાં દેખાતી યુવતી આવાસ યોજના ક્વાર્ટરમાં જ રહે છે. પોતે જાતે પોતાનું એક્ટિવા સળગાવી દીધું છે. જેની સામે જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યુવતી દારૂના નશામાં હોવાની ચર્ચા વાઈરલ વીડિયોમાં થતા તેમના બ્લડ સેમ્પલ લઈ આ માટે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં આડા સંબંધની શંકાએ ધમકી આપતા યુવકે ઝેર પી આપઘાત કર્યો

### તાત્કાલિક આરોપીની ધરપકડ કરવાની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર

ભારત હેડલાઈન, તા.૬

શહેરના રામનાથપરામાં યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા એ-ડિવિઝન પોલીસે તપાસ કરતાં તેના પાડોશમાં રહેતા શખ્સે પત્ની સાથે આડા સંબંધની શંકાઓ કરી ઝઘડાઓ કરતો હોય જેથી તેના પિતા સાથે સમાધાન માટે રામનાથપરામાં એકઠા થયા હતા પરંતુ ત્યાં શખ્સ અને તેના બનેવીએ મારકૂટ કરી મારી નાખવાની ધમકી આપતા પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી સારવાર દરમિયાન યુવકનું મોત નીપજતા પરિવારે આરોપીઓની



તત્કાલ ધરપકડ કરવાની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતકના પિતા મનસુખભાઈ ગાહેલએ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે વિરૂ કિશોરભાઈ વાઘેલા અને તેનો બનેવી પિન્ટુ ગોરીના નામો આપ્યા હતા ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને સંતાનમાં મોટો પુત્ર શૈલેષ જે સફાઈ કામદાર તરીકે નોકરી કરતો હોય અને નાનો પુત્ર મુકેશ છે. પાડોશી વિરૂની પત્ની તેના પુત્રી શૈલેષ સાથે નોકરી કરતી હોય જેથી આડા સંબંધની શંકાઓ કરી અવાર-નવાર વિરૂ ઝઘડાઓ કરતો હોય જેથી શૈલેષએ રાખડી પણ બંધાવી હતી ત્યાર બાદ ફરી શંકાઓ કરી ધમકીઓ આપતા શૈલેષભાઈએ તેના પિતાને જાણ કરી હતી જેથી રામનાથપરામાં સમાધાન માટે એકઠા થયા હતા જ્યાં વિરૂ અને તેના બનેવીએ મારકૂટ કરી ધમકી આપતા તેને ઝેરી દવા પી લીધાનું જણાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. સારવાર દરમિયાન શૈલેષનું મોત નીપજતા પરિવારે આરોપીઓને તત્કાલ પકડી લેવાની માંગ સાથે યુવકનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરતાં પોલીસે મોડી રાત્રીના દોડી જઇ પરિવારને સમજાવવાને પ્રયાસ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

# હેન્ડસ ફ્રી ભરાવી રેલવે ટ્રેક ઓળંગતા યુવકનું ટ્રેનની ઠોકરે મોત

ભારત હેડલાઈન, તા.૬

શહેરમાં ગોંડલ રોડ પર રિદ્ધિસિદ્ધિ સોસાયટી નજીક ટ્રેનની ઠોકરે ચડી જતા અજાણ્યા યુવકનું મોત થતા આજી ડેમ પોલીસ મથકના જમાદાર જયદેવભાઈ બોસિયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો તપાસ કરતા મૃતકે કાનમાં હેન્ડસ ફ્રી ભરાવી હોવાનું અને રેલવે ટ્રેક ઓળંગતી વેળાએ અચાનક ટ્રેન આવી જતાં ટ્રેનની ઠોકરે ચડી જતાં આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું હતું પોલીસ તપાસમાં યુવક મૂળ ગોધરાનો વતની અને અહીં મજૂરીકામ કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે તેના પરિવારને જાણ કરતા તે આવ્યા બાદ વધુ તપાસ હાથ ધરાશે.

# અગ્નિકાંડમાં પૂરવઠા તંત્રની કોઈ જવાબદારી નથીઃ કલેક્ટર

## પાંચ વર્ષ પહેલાં જ પૂરવઠા તંત્ર પાસેથી લાઈસન્સની સત્તા લઈ લેવાઈ છે

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટના નાનામૌવા નજીક આવેલ ટીઆરપી ગેમઝોનમાં લાગેલી ભીષણ આગે ૨૭ માનવ જીંદગીના ભોગ લીધા છે ત્યારે આ અગ્નિ કાંડે સરકારી તંત્રની ભ્રષ્ટ નીતીની પોલ ખોલી નાખી છે ગેમઝોનમાં પેટ્રોલીયમ પેદાશનો સંગ્રહ મોટા પ્રમાણમાં કરવામાં આવતો હોય જેના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હોય જે તે વખતે આ મુદ્દે પુરવઠા તંત્ર સામે પણ આંગળી ચીંધવામાં આવી હતી. પરંતુ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આજે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં પુરવઠા તંત્રની કોઈ જ જવાબદારી નહીં હોવાની સ્પષ્ટતા કરી હતી અને આ બાબતે પોલીસ કમિશનરને પેટ્રોલીયમ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા પણ સુચના આપી હોવાનું જણાવ્યું છે.

રાજકોટના નાનામૌવા નજીક ગેરકાયદેસર ધમધમતા ટીઆરપી ગેમઝોનમાં ૧૦ દિવસ પહેલા ભીષણ આગ લાગી હતી જેમાં ૨૭ વ્યક્તિઓ ભળીને ખાખ થઈ ગયા હતા આ અગ્નિકાંડમાં મહાનગરપાલિકા અને પોલીસ તંત્રની ભ્રષ્ટનીતિની પોલ ખોલી નાખી છે અને જવાબદાર અધિકારીઓની ધરપકડ કરી સસ્પેન્ડ સહિતના પગલા લેવામાં આવ્યા છે.



ટીઆરપી ગેમઝોનમાં ગો-કાર અને રેસરીંગ કાર માટે ગેરકાયદેસર પેટ્રોલ અને ડિઝલનો જથ્થો પણ સંગ્રહ કરવામાં આવતો હોય જેના કારમે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. અને આ મુદ્દે પુરવઠા તંત્ર સામે પણ આંગળી ઉઠી હતી. પરંતુ આજે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતું. કે, પાંચ વર્ષ પહેલા જ પૂરવઠા તંત્ર પાસેથી પેટ્રોલીયમ પેદાસના સંગ્રહ માટેની લાયસન્સની સત્તા છીનવી લેવામાં આવી છે. અને આ સત્તા પોલીસ કમિશનરને સોંપવામાં આવી છે. જેથી પેટ્રોલીયમ પેદાસના સંગ્રહ અંગે જો કોઈ કાર્યવાહી કરવાની થશે તો તે પોલીસ કમિશનર કરી શકશે અને તે માટે પોલીસ કમિશનરને તાકીદ પણ કરવામાં આવી છે.

# સ્પ્રે છાંટી લૂંટનો પ્રયત્ન કરનારની પોલીસે ગણતરીના કલાકોમાં ધરપકડ કરી

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટના લક્ષ્મીનગર મેઈન રોડ ઉપર થોડા દિવસો પૂર્વે અંબિકા જ્વેલર્સમાં ઘુસી વેપારી ઉપર હુમલો કરી દાગીના લૂંટી લેવાનો પ્રયાસ થયો હતો આ ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે.રાજકોટના પૂજારા પ્લોટમાં રહેતા અને પ્રહલાદ પ્લોટમાં ચારેક-વર્ષથી મોનીશ જ્વેલર્સ નામે-સોનાના દાગીના વેચવાનો શોરૂમ ધરાવતા આકાશભાઈ અનિલભાઈ લાઠીગ્રાએ



લૂંટના પ્રયાસ અંગે એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે બપોરે દુકાને એકલો હતો- ત્યારે શખ્સ ટોપી પહેરી અઢી વાગ્યે દુકાનમાં આવ્યો હતો. સોનાનો ચેઈન, વીંટી સહિતના દાગીના ખરીદવા જોયા હતા અને ભાવતાલ કઢાવ્યા હતા. પોણા ત્રણ વાગ્યે અચાનક તેણે કોઈ સ્પ્રે કાઢી મોઢા ઉપર છાંટી દીધો હતો પરંતુ પોતે થોડા દુર ખસી જતા સ્પ્રેની કોઈ ખાસ અસર થઈ ન હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, પોતે સ્વબચાવ માટે દુકાનમાં રહેલું સુરક્ષા ડિવાઈઝ કાઢ્યું હતું. જે ચાલું કરતા તેમાંથી અવાજ થતા પોતે મોઢું ઢાંકી ઉંધી પૂછડીએ દુકાનમાંથી ભાગ્યો હતો. પોતે કાઉન્ટર બહાર નીકળે તે પહેલાં દુકાનમાં ફરી આવી સ્પ્રે છાંટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોતે પ્રતિકાર કરતા બાઈક લઈ ભાગી ગયો હતો. આ બનાવ અંગે કંટ્રોલમાં જાણ કરતા એ ડીવીઝન PI આર. જી. બારોટ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. આ પછી CCTV તથા મોબાઈલ નંબર આધારે લૂંટનો પ્રયાસ કરનાર દેવેન નકુમ નામના શખ્સને દબોચી લઈ ગણતરીની કલાકોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે.

# કોંગ્રેસ કાર્યકરને મારનાર ગોંડલ MLAના પુત્ર ગણેશ જાડેજાને કોઈ ડર નહીં !

## ગણેશ જાડેજા પોલીસ કસ્ટડીમાં દાંત કાઢતો થયો કેમેરામાં કેદ

■ ગણેશ જાડેજાને પોલીસનો કોઈ ડર ના હોય તેમ જેલના બદલે કાકાના ઘરે ગયો હોય તેમ વર્તી રહ્યો હતો !



ભારત હેડલાઇન, તા.૬

જૂનાગઢના કોરિયોગ્રાફર અને કોંગ્રેસ કાર્યકરને માર મારવા મામલે મુખ્ય આરોપી ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજાની ગઈકાલે ગોંડલથી ધરપકડ કરી છે. જે બાદ આજે તેને જૂનાગઢ લાવવામાં આવ્યો હતો. જો કે પોલીસ કસ્ટડીમાં રહેલા ગણેશ જાડેજાને કોઈ ડર કે શરમ ના હોય તેમ મીડિયા સમક્ષ દાંત કાઢી રહ્યો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે.

થોડા દિવસ અગાઉ કોંગ્રેસ કાર્યકર સંજય ઉર્ફે ચંદુ સોલંકીનું કારમાં અપહરણ કરીને ગોંડલ લઈ જઈને નિર્વસ્ત્ર કરીને ઢોરમાર મારીને તેનો વીડિયો બનાવવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ દ્વારા રવિવારના રોજ નંબર વિનાની કારમાં ગોંડલ આવેલા જસદણના અતુલ કઠેરિયા, ફૈઝલ પરમાર અને ઈકબાલ ગોગદાનીની ધરપકડ કરીને તેમના ૨ દિવસમાં રિમાન્ડ મેળવ્યા હતા. જે રિમાન્ડ પૂર્ણ થતાં આ ત્રિપુટીને જેલમાં ધકેલવામાં આવી હતી. બીજી તરફ આ ગુનાનો મુખ્ય આરોપી એવો ગોંડલના ધારાસભ્યનો પુત્ર ગણેશ જાડેજા બનાવ બાદ પોલીસ પકડથી દૂર હતો. આ મામલે પોલીસ દ્વારા પક્ષપાત કરવામાં આવતો હોવાનો અનુસુચિત જાતિના અગ્રણીઓએ આક્ષેપ કર્યો હતો. આ બાબતે ધોરાજીના ડેપ્યુટી કલેક્ટરને આવેદન પણ આપવામાં આવ્યું હતુ. જેથી હરકતમાં આવેલી પોલીસ ગત મોડી રાતે ગણેશ જાડેજાને ગોંડલથી ઝડપી પાડ્યો છે.

આજે જ્યારે તેને જૂનાગઢ લાવવામાં આવ્યો, ત્યારની તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. જેમાં ગણેશ જાડેજા ધરપકડ બાદ પણ હસી રહ્યો છે. ગણેશ જાડેજાને પોલીસનો કોઈ ડર ના હોય તેમ જેલના બદલે કાકાના ઘરે ગયો હોય તેમ વર્તી રહ્યો છે.

આજે મીડિયા સમક્ષ ગણેશ જાડેજા હસતો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે તપાસ માટે SITની રચના કરવામાં આવી છે. આ માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરાઈ છે.

# રાજકોટમાં દુધસાગર રોડના જર્જરીત ૬૯૬ કવાર્ટરના નળ-વીજ જોડાણ કાપવા તૂટી પડતું મહાપાલિકા તંત્ર

## હાઉસીંગ બોર્ડના કવાર્ટરમાં મનપા અને પીજીવીસીએલની ટીમો ઉતરી : જર્જરીત ભાગ પણ દુર : કોઠારીયામાં ચાર બાંધકામના ડિમોલીશન : ચોમાસા પૂર્વે મોટી કાર્યવાહી



ભારત હેડલાઇન, તા.૬

રાજકોટમાં દર વર્ષે ચોમાસા પૂર્વે કરાતી પ્રિમોન્સુન કામગીરી વચ્ચે જોખમી મિલ્કતો દુર કરવા આસામીઓ તૈયાર થતા ન હોય અંતે આજે મ્યુનિ. કોર્પોરેશન અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. દ્વારા હાઉસીંગ બોર્ડના કવાર્ટરો પર તવાઇ ઉતારવામાં આવી છે. આજે સામાકાંઠાના દુધસાગર રોડ પર આવેલા હાઉસીંગ બોર્ડના ખખડેલા કવાર્ટરમાં નળ અને વીજ જોડાણ કાપવાનું શરૂ કરી દેવાતા ફફડાટ મચી ગયો છે તો વોર્ડ નં.૧૮ના કોઠારીયા ગામતળમાં પણ ચાર ભયગ્રસ્ત મકાનો તોડી પાડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

શહેરમાં દર વર્ષે જોખમી અને જર્જરીત મકાનોને મનપા દ્વારા નોટીસ આપવામાં આવે છે. આ વર્ષે આવા બાંધકામો સામે કડક પગલા લેવા સરકારે પણ સૂચના આપી હતી. રાજકોટમાં અગ્નિકાંડ જેવી ઘટના બની છે. આ બાદ હવે જર્જરીત આવાસો સહિત કોઇ પણ જગ્યાએ દુર્ઘટના ચોમાસામાં ન બને તે માટે સરકારી વિભાગોએ હાથ મિલાવ્યા છે. આજે બપોરે બંને વિભાગના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત લઇને વોર્ડ નં.૬ના દુધસાગર રોડ પર પહોંચ્યા હતા. વિજીલન્સ પોલીસ પણ સાથે રહી હતી. ડે.કમિશ્નર સ્વપિનલ ખરે અને ઇસ્ટ ઝોનના સીટી ઇજનેર પી.ડી.અઢીયા સહિતના અધિકારીઓ સ્થળ પર બપોરે પણ હાજર રહ્યા છે. ચાલુ કામગીરી વચ્ચે માહિતી આપતા સીટી ઇજનેરે કહ્યું હતું કે આ વોર્ડમાં દુધસાગર રોડ પર આકાશદીપ સોસાયટી પાસે હાઉસીંગ બોર્ડના કુલ ૫૮ બિલ્ડીંગમાં ૬૯૬ કવાર્ટર આવેલા છે. અન્ય ચાર બિલ્ડીંગ જાળવણીના કારણે સલામત છે .

પરંતુ બાકીના તમામ આવાસ જર્જરીત અને જોખમી થયા હોય, મનપા દ્વારા આ વર્ષે પણ જીપીએમસી ૨૬૪ અને ભયગ્રસ્ત મકાન હટાવવા ૨૬૮ હેઠળ નોટીસો આપવામાં આવી હતી. પરંતુ આસામીઓ ભયગ્રસ્ત ભાગ દુર કરતા ન હોય, આજે નળ અને વીજળી જોડાણ કપાઇ રહ્યા છે. આ તમામ જોડાણ કાપવા હાલ તૈયારી છે.

અમુક કવાર્ટરનો સ્લેબ માથે પડે તેવી હાલતમાં આવી ગયો છે. આથી ચોમાસા પૂર્વે કાર્યવાહી જરૂરી છે. પ્રિમોન્સુન કાર્યવાહીના ભાગરૂપે આ ઝુંબેશ શરૂ કરાઇ છે.

દરમ્યાન વોર્ડ નં.૧૮ના કોઠારીયા ગામ તળમાં પણ ચાર ભયગ્રસ્ત મકાનો દુર કરવા કામગીરી કરવામાં આવ્યાનું સુત્રોએ કહ્યું હતું.

સમાકાંઠે વોર્ડ નં.૬ના દુધસાગર રોડ અને વોર્ડ નં.૧૮ના કોઠારીયા ગામતળમાં ભયગ્રસ્ત મકાનોના બાંધકામ દુર કરવા અને નળ તથા વીજ જોડાણ કાપવા મનપા અને વીજ તંત્ર દ્વારા આજે બપોરે મોટી કામગીરી શરૂ કરવામાં આવી હતી જેમાં ડે.કમિશનર સ્વપિનલ ખરે, વીજ તંત્રના અધિકારીઓ અને ઇજનેરો જોડાયા હતા તે જોવા મળે છે.

## શું પોલીસ કોર્પોરેટર નીતિન રામાણીની પૂછપરછ કરશે?

# વોર્ડ નં.૧૩ના કોર્પોરેટરે મનસુખ સાગઠિયાના ભ્રષ્ટાચારની પોલ ખોલી

## નીતિન રામાણીનો માત્ર આર્કિટેક્ટ સાથે સંચાલકોની ઓળખાણ કરાવી હોવાનો લૂલો બચાવ



ભારત હેડલાઇન, તા.૬

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં મહાનગરપાલિકાના અધિકારીઓ બાદ નગરસેવકોની પણ ભૂમિકા સામે આવી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ના કોર્પોરેટર નીતિન રામાણી દ્વારા આજથી છ મહિના પૂર્વે ટીઆરપી ગેમ ઝોનને ઇમ્પેક્ટ ફી ભરી રેગ્યુલરાઇઝ કરાવવા માટે ગેમ ઝોનના સંચાલક પ્રકાશ જૈન અને યુવરાજ સોલંકીની આર્કિટેક્ટ નીરવ વરુ સાથે મુલાકાત કરાવી દીધી હતી. આવું નીતિન રામાણીએ મીડિયા સામે સ્વીકાર્યું હતું.

આટલું જ નહીં, નીતિન રામાણીએ મનપાના તત્કાલીન ટીપીઓ અને અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયા સામે ભ્રષ્ટાચારના આક્ષેપો લગાવ્યા હતા, જેમાં આર્કિટેક્ટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે મળી દરેક ફાઈલ પર રૂપિયા લેતા હોવાનો આરોપ લગાવ્યો છે. જોકે આ મામલે તેમણે સરકારનું ધ્યાન દોર્યું નહોતું. ઉલ્લેખનીય છે કે અગ્નિકાંડના ૧૫ દિવસ પૂર્વે નીતિન રામાણી પણ તેમના પરિવાર સાથે ગેમ ઝોનની મુલાકાતે પહોંચ્યા હતા.

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત થયાં છે, જેમાં પોલીસ ફરિયાદ નોંધાતાં પોલીસે સંચાલકો સહિત અધિકારીઓ મળી કુલ નવ લોકોની ધરપકડ કરી છે, જેમની પૂછપરછમાં અનેક ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આરોપી યુવરાજસિંહ સોલંકીની પોલીસ પૂછપરછમાં નગરસેવકોની ભૂમિકા અંગે વટાણા વેર્યા હતા, જેમાં નગરસેવક નીતિન રામાણીનું પણ નામ સામે આવી રહ્યું છે. જોકે નીતિન રામાણીએ માત્ર આર્કિટેક્ટ સાથે સંચાલકોની ઓળખાણ કરાવી હોવાનો લૂલો બચાવ કર્યો છે.

કોર્પોરેટર નીતિન રામાણીએ જણાવ્યું હતું કે ટીઆરપી ગેમ ઝોનના મુખ્ય સંચાલક પ્રકાશ જૈનના કાકાએ ભલામણ કરી હતી અને ગેમ ઝોનના બાંધકામમાં ઇમ્પેક્ટ ફી ભરી રેગ્યુલરાઇઝ કરાવવા માટે મદદ કરવા કહ્યું હતું. એ બાદ પ્રકાશ અને યુવરાજ મને મળવા આવ્યા હતા ત્યારે ઇમ્પેક્ટ ફી માટે મેં તેમને આર્કિટેક્ટ નીરવ વરુ સાથે મુલાકાત કરાવી હતી, જેના બે મહિના પછી ગેમ ઝોનના સંચાલકો મારી પાસે પરત આવ્યા હતા અને આર્કિટેક્ટ કામ ન કરતા હોવાનું કહ્યું હતું. એમાં ફરી આર્કિટેક્ટને ફોન કરીને પૂછવામાં આવતાં તેમની પાસે પૂરતા ડોક્યુમેન્ટ ન હોવાનું જણાવ્યું હતું.

# ૧૩ જૂન આસપાસ ગુજરાતનાં દરિયાકિનારેથી ચોમાસાનો પ્રવેશ

- આજથી પાંચ દિવસ રાજયનાં જુદા-જુદા ભાગોમાં વરસાદી માહોલ રહેશે, સખ્ત બફારો વર્તાશે
- તા.૧૧ સુધી સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી




ભારત હેડલાઇન, તા.૬

નૈઋત્યનું ચોમાસુ આગળ વધે તેવી સાનુકુળ પરીસ્થિતિ છે જેથી તે ધીરે ધીરે ગુજરાત નજીક આવી રહ્યું છે, ત્યારે ગુજરાતમાં ચોમાસુ કયારે દસ્તક આપશે? તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે કે, આજથી પ્રિ મોન્સુન એકટીવીટીના ભાગરૂપે રાજયના વિવિધ ભાગોમાં પાંચ દિવસ વરસાદી માહોલ રહેશે. જેના કારણે હવામાં ભેજનું પ્રમાણ વધશે અને ગરમી ઘટશે. પરંતુ બફારાથી લોકો બેહાલ બને તેવી શકયતા છે.

બીજી તરફ સમય કરતા વહેલું ૧૩ જૂનની આસપાસ નૈઋત્ય ચોમાસુ ગુજરાતના દરિયા કિનારાના વિસ્તારમાં એન્ટ્રી કરે તેવી પુરી શકયતા છે. સમગ્ર રાજયમાં પડી રહેલી ગરમી હજુ યથાવત રહી છે. જો કે, કેટલાક દિવસોથી તાપમાનનો પારો ઘટતા લોકોને સામાન્ય રાહત મળી રહી છે ત્યારે હવે સૌ કોઈ ચોમાસાની રાહ જોઈ રહ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસુ સમય કરતાં ત્રણ દિવસ વહેલું ચાલી રહ્યું છે. અત્યારે ચોમાસુ કર્ણાટકના ઉતર ભાગ સુધી પહોંચી ગયું છે અને હવે માત્ર ૩૦થી૪૮ કલાકની અંદર મહારાષ્ટ્રમાં નૈઋત્યના ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે.

અત્યારે જે રીતે ઝડપથી ચોમાસુ આગળ વધી રહ્યું છે. તેની સાથે અરબ સાગરમાં લો પ્રેસર તૈયાર થઈ રહ્યું છે અને આ લો પ્રેસર, વેલમાર્ક માર્ક લો પ્રેસરમાં આજે મોડીરાત્રે ફેરવાય તેવી પુરી શકયતા છે.

આ વેલમાર્ક લો પ્રેસર ડીપ ડીપ્રેશનની કેટેગરીમાં જાય તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે. જેના કારણે ગુજરાતના હવામાનમાં ઘણા બધા ફેરફારો જોવા મળી રહ્યા છે.

ગુરુવારથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. ગરમી અને ઉનાળામાં પણ વધારો નોંધાશે. જે વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ નથી તે વિસ્તારોમાં આજથી એક ડીગ્રી તાપમાનમાં વધારો થયો હશે. આ તાપમાન ૧૧ જૂન સુધી રાજયના અનેક વિસ્તારોમાં તાપમાન ફરીથી ૪૦ ડીગ્રીને પાર થાય તેવી શકયતાઓ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં વાદળ જોવા મળી રહ્યા છે. તે તમામ વિસ્તારોમાં એક-બે દિવસમાં છુટાછવાયા ઝાપટા જોવા મળશે.

# રાજકોટ એસટીની પ્રિમીયમ સર્વિસને મે મહિનો ખૂબ ફળ્યો!

- ગયા વર્ષની સરખામણીમાં આવક વધીઃ ગત વર્ષે માસમાં ૨.૭૩ કરોડની આવક થઇ હતી તેની સામે ચાલુ વર્ષે ૩.૧૭ કરોડની તોતીંગ આવક થઇ
- ૧.૦૬ લાખથી વધુ મુસાફરોએ એસી બસનો લાભ લીધો

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટ સહિત રાજ્યભરમાં એસટી નિગમને વેકેશનનો ગત મે મહિનો ખૂબ જ ફળ્યો હતો. ગયા માસ દરમ્યાન વેકેશનના કારણે એસટી નિગમની મોટાભાગની બસો મુસાફરોથી ચિક્કાર દોડી હતી આથી એસટી નિગમને ગત માસ દરમ્યાન આવક પણ તોતીંગ થવા પામી હતી. ખાસ કરીને મે મહિના દરમ્યાન રાજકોટ સહિત રાજ્યભરમાં વિક્રમજનક ગરમી નોંધાઇ હતી આથી એસટીની પ્રિમીયમ સર્વિસ ખાસ કરીને વોલ્વો અને ઇલેકટ્રીક એસી બસોમાં સૌથી વધુ ભીડ રહેવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ એસટી વિભાગને પણ ગયો મે માસ ખૂબ જ ફળ્યો હતો. ખાસ કરીને વેકેશનના ટ્રાફીકનો ભરપૂર લાભ રાજકોટ એસટી ડીવીઝનને મળ્યો હતો. ખાસ કરીને ગયા માસ દરમ્યાન ભારે ગરમી હોય, રાજકોટ એસટી વિભાગની ૪૩ જેટલી એસી અને વોલ્વો બસો ચિક્કાર ટ્રાફીક સાથે દોડી હતી. ગત માસ દરમ્યાન એક પણ દિવસ રાજકોટ એસટી વિભાગની પ્રિમીયમ સર્વિસની બસો ખાલી રહી ન હતી. દરમ્યાન રાજકોટ એસટી વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ મે ૨૦૨૩માં રાજકોટ એસટી વિભાગની પ્રિમીયમ સર્વિસમાં એસટી તંત્રને રૂા.૨.૭૩ કરોડથી વધુ રકમની આવક થઇ હતી અને ૧.૧૪ લાખથી વધુ મુસાફરોએ બસમાં મુસાફરી કરી હતી. જો કે ચાલુ વર્ષમાં મે માસ દરમ્યાન રાજકોટ વિભાગની પ્રિમીયમ સર્વિસમાં આવક અને પેસેન્જર એમ બંનેની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

આ અંગે એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વિગતો અનુસાર ચાલુ વર્ષના મે માસના એસટી વિભાગની પ્રિમીયમ સર્વિસની એક માસની આવક રૂા.૩.૧૭ કરોડથી વધુની થઇ હતી જ્યારે એક માસમાં ૧.૦૬ લાખથી વધુ મુસાફરોએ પ્રિમીયમ સર્વિસનો લાભ લીધો હતો. ગત વર્ષના મે માસમાં ૭૭૨૭૪ મુસાફરોએ વોલ્વો અને એસી બસમાં ઓનલાઇન બુકીંગ કરાવેલ હતું. જ્યારે ચાલુ વર્ષે ૭૨૯૨૪ મુસાફરોએ ઓનલાઇન બુકીંગનો લાભ લીધો હતો.

# કોઠારિયા સોલ્વન્ટના ૨૮ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત



ભારત હેડલાઇન, તા.૬

કોઠારિયા સોલવંટના ૨૮ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હતું. એકના એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.બનાવની વિગત મુજબ સુનીલભાઈ ગોબરભાઈ દેરવાડીયા (ઉ.વ.૨૮, રહે. કોઠારિયા સોલવંટ નારાયણ મેઈન રોડ) નામનો યુવક પોતાનાં ઘરે હતો ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો થતાં તાકીદે યુવકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલાં દમ તોડી દિધો હતો.

# આજથી ત્રણ દિવસ અગ્નિકાંડના પીડિતોની સાથે કોંગ્રેસના ત્રિકોણબાગમાં ધરણા-ઉપવાસ આંદોલન





## ● જિલ્લા પંચાયત ચોક, સંત કબીર રોડ સહિતના શહેરના તમામ વોર્ડના વિસ્તારોમાં જનજાગૃતિ અભિયાન પત્રિકા વિતરણ

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષની જીંદગી હોમાઈ ગઈ છે. અગાઉના અગ્નિકાંડ અને ગોઝારી ઘટનાઓમાં પીડિતોને ન્યાય મળેલ ન હોવાથી રાજકોટમાં ટીઆરપી ગેમ્સ ઝોનમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પીડિત પરિવારોને ન્યાય અપાવવા તા.૭, ૮ અને ૯ રાજકોટ ખાતેના ઐતિહાસિક ત્રિકોણબાગ ચોક ખાતે ઉપવાસ ધરણા આંદોલન શરૂ કરવામાં આવનાર છે. જેમાં અગ્નિકાંડમાં મૃત્યુને ભેટેલા વિવિધ પરિવારો પણ ઉપવાસમાં જોડાશે. આ અંગેની શહેરમાં તૈયારીઓ આરંભી દીધી છે. જેમાં રાજકોટ શહેરના તમામ બોર્ડમાં જનજાગૃતિ અભિયાન અને પત્રિકા વિતરણ શરૂ કરવામાં આવેલ છે અને રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો અને રાજકોટની જનતાને જોડાવા અપીલ કરવામાં આવી છે. તદુપરાંત પત્રિકા વિતરણમાં રાજકોટના જિલ્લા પંચાયત ચોક ખાતે અને પેડક રોડ પર પાણીના ઘોડે આજરોજ પત્રિકા વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ છે. શહેર ભરમા પત્રિકા વિતરણમાં દરેક વોર્ડ પ્રમુખો અને જિલ્લા પંચાયત ચોક ખાતે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, જશવંતસિંહ ભટ્ટી, શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો નરેન્દ્ર સોલંકી, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, દીપ્તિબેન સોલંકી, મેરૂનબેન કુરેશી, ડી.પી મકવાણા, એહસાન ચૌહાણ, જગાભાઈ મોરી, બ્રિજરાજસિંહ રાણા, રોહિત રાજપૂત, હાર્દિક રાજપુત, ગૌરવ પુજારા, ગિરીશભાઈ પટેલ, જીગ્નેશભાઈ ડોડીયા, નાગજીભાઈ વિરાણી, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર વિગેરે કાર્યશીલ રહ્યાં છે.

## પોલીસે ધરણાંની હજુ કોઈ મંજૂરી આપી નથી

કોંગ્રેસ દ્વારા પીડિત પરિવારોને પણ મળ્યા હતા આ માનવસર્જિત હત્યાના મામલે સરકાર ગંભીરતા નથી જેથી ગેમ ઝોનના અગ્નિકાંડમાં મોતને ભેટેલા પરિવારોને ન્યાય અપાવવા માટે આગામી કાલથી લડતનો પ્રારંભ કરવામાં આવનાર હોય તેની પોલીસ મંજુરી બાબતે હજુ અસમંજસ જોવા મળ્યો છે. મંજુરી બાબતે પોલીસ અધિકારીઓ સાથે વાતચીત કરતા ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું કે, હજુ સુધી મજુરી માટેની કોઈ અરજી તેમની પાસે આવી નથી આ બાબતે ડીસીપી ક્રાઈમ અને એસીપી ક્રાઈમનો સંપર્ક કરવા જણાવ્યું હતું,ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ હાઈકોર્ટમાં હોય સાંજે આ બાબતનો નિર્ણય લેવાશે.

## જસદણના કાળાસર ગામમાં વાડામાંથી દારૂની ૫૮૭ બોટલ સાથે ખેડૂત ઝડપાયો

ભારત હેડલાઇન, તા.૬

જસદણ પોલીસ મથકના પીઆઈ ટી.બી.જાનીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને બાતમી મળી હતી કે કાળાસર ગામમાં માધવીપુર જવાના રસ્તે રહેતા વિશાલ શામજી વાસાણી પોતાના રહેણાક મકાને ઇંગ્લીશ દારૂનો જથ્થો છુપાવ્યો છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે કાળાસર ગામમાં માધવીપુર જવાના રસ્તે આવેલ મકાનમાં દરોડો પાડી મકાન માલિક વિશાલ વાસાણીની અટક કરી મકાનની પાછળ આવેલ ઢોર બાંધવાના વાડામાં તપાસ કરતા દારૂની ૫૮૭ બોટલો મળી આવી હતી.

## વિરાણી પૌષધ શાળાના આંગણે બહેનોની સંસ્કાર શિબિર યોજાઇ

ભારત હેડલાઇન, તા.૬



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ વિરાણી પૌષધશાળા પ્રવૃત્તિની પૂ. વનિતાબાઈ મ.સ. પૂ. હંસાબાઈ મ.સ. ઠાણા-૭ની નિશ્રામાં તા.૨ થી તા.૫ સુધી ચાલી હતી. શિબિરમાં ૪૦ જેટલી બહેનો, કન્યા જોડાયા હતા. રશ્મિબેન જસાણી હ. હિતેન, ગુરુભક્ત પરિવાર, સુરેશભાઈ કમાણી અને સ્વાધ્યાય મંડળ, સુશીલાબેન બદાણીએ બપોરના ભોજનનો અને મુકેશ શાહ ગોડાએ અલ્પાહારનો લાભ લીધેલ. શિબિરાર્થીઓનું રૂ.૧૧૦૦થી બહુમાન કરાયું હતું. સંઘ પ્રમુખ હરેશભાઈ વોરા, ઉ.પ્ર. દિનેશભાઈ દોશી, ટ્રસ્ટી રાજુભાઈ કોઠારી, મંત્રી કમલેશભાઈ, ખજાનચી સતીષ બાટવીયા વગેરે, મનીષા મહેતા, મહિલા મંડળે સુંદર વ્યવસ્થા સંભાળી હતી. પૂ. મહાસતીજીના દર્શનાદિનો લાભ લેવા અનુરોધ કરાયો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# જિલ્લા પં. પ્રમુખ પ્રવિણાબેન રંગાણી સહિતનાએ રૂપાલા અને માંડવીયાની તરફેણમાં મતદાન કરવા બદલ ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કર્યો

## ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પી.જી. કયાડા , સવિતાબેન ગોહેલ, વિરલભાઈ પનારાક તથા સદસ્યોએ પણ પાઠવી શુભેચ્છાઓ

ભારત હેડલાઇન, તા.૬

ભાજપ તરફી જંગી મતદાન કરી પુરષોત્તમ રૂપાલાજી અને મનસુખભાઈ માંડવીયાજીને વિજયી બનાવવા બદલ રાજકોટ જિલ્લાની



ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કરતા રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણીએ જણાવ્યું હતું કે નરેન્દ્રમોદીના નેતૃત્વમા અને ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરેલા દેશના આર્થિક અને સર્વાંગી વિકાસ, કુશળ વિદેશ નિતિ, સુખી અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટેની કટ્ટીબધ્ધતા અને વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવાની પ્રતિબદ્ધતા જેવા કાર્યોને ધ્યાનમાં રાખીને રાજકોટની ગ્રામ્ય જનતાને ખોબલે ભરી ભરીને જંગી મતદાન ભાજપ તરફી કરી પુરષોત્તમ રૂપાલા અને મનસુખભાઈ માંડવીયાને રેકોર્ડ બહુમતીથી વિજયી બનાવવા બદલ રાજકોટ જિલ્લાના તમામ ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, જિલ્લા ભાજપ સંગઠનના તમામ હોદેદારો, કાર્યકર્તાઓ, તમામ મોરચાના હોદેદારો, સહકારી આગેવાનો, સરપંચશ્રીઓ, સામાજિક સંસ્થાના આગેવાનો તેમજ જિલ્લાની ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. મોદીજીના હાથ મજબુત કરીને વિકસીત રાષ્ટ્રના યજ્ઞમા યોગદાન બદલ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન સંજયભાઈ રંગાણી, ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, પી.જી. કયાડા કારોબારી ચેરમેન, સવિતાબેન ભરતભાઈ ગોહેલ શાસક પક્ષ નેતા, વિરલભાઈ પનારા દંડકએ તથા તમામ સમિતિનાં ચેરમેનશ્રીઓ અને જિલ્લા પંચાયતનાં તમામ સદસ્યશ્રીઓએ રાજકોટ જિલ્લાની ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પરસોત્તમ રૂપાલાની ભવ્ય જીત બદલ શહેરીજનોનો આભાર વ્યક્ત કરતા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ



ભારત હેડલાઇન, તા.૬

રાજકોટ લોકસભાના લોક લાડીલા ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલાને રાજકોટની જનતાએ જંગી બહુમતીથી જીત અપાવી છે. જેમાં વિધાનસભા ૬૯ માં જંગી લીડ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલાને મળેલ છે. જે માટે વિધાન સભા ૬૯ ના તમામ શ્રેણીના કાર્યકરઓ, મતદારઓ, હોદ્દેદારો, આગેવાનો તમામનો હું હૃદય પૂર્વક આભાર માનુ છુ. તેમજ ભારતીય જનતા પાર્ટી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તથા અમિતભાઇ શાહ તથા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા તથા ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં ભારત દેશ અને ગુજરાત દરેક ક્ષેત્રમાં વિકાસની હારમાળા સર્જશે તેમ વિધાનસભા ૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતા શાહએ જણાવ્યું હતું.

# લોધીકા તાલુકા ભાજપ મંડલ પ્રમુખ કમાણી અને જિ.પં.સદસ્ય દાફડાએ મતદારોનો આભાર વ્યક્ત કર્યો







ભારત હેડલાઇન, તા.૬

૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સરકારના વિકાસ વિશ્વાસ અને રાષ્ટ્રભાવનાને સમૃદ્ધ બનાવવા દેશ હિત માટે રાજકોટ લોકસભા ૧૦ ના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા ઉપર વિશ્વાસ મુકીને જંગી લિડ માટે અભુતપૂર્વ મતદાન કરી વિજય બનાવવા માટે લોધીકા તાલુકાના મતદારોએ મતદાન કરેલ છે તે એક અભુતપૂર્વ મતદાન છે તેમજ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલાને લોધીકા તાલુકામાં જંગી લિડ આપવા માટે જે મતદારોએ મતદાન કરેલ છે તે કાબિલે દાદ છે. તેમનો લોધીકા તાલુકા ભાજપ મંડલ પ્રમુખ મુકેશભાઈ કમાણી, તાલુકા ભાજપ મહામંત્રી દિલીપભાઈ કુગશીય, મહામંત્રી મોહનભાઈ ખુંટ, જિલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા, જિલ્લા ભાજપ અગ્રણી મુકેશભાઈ તોગડિયા તેમજ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન અલ્પાબેન તોગડિયા આભાર વ્યક્ત કરે છે. સાથે સાથે લોધીકા તાલુકાના ભાજપ મંડળના હોદેદારો,કાર્યકરો, તાલુકા પંચાયત સદસ્યો,તાલુકાના સરપંચો,આગેવાનો, અગ્રણીઓ, સહકાર ક્ષેત્રના આગેવાનોનો આભાર તાલુકા ભાજપ મંડળ વતી આભાર વ્યક્ત કરેલ છે.

# ‘સુટા’ના પ્રમુખ પ્રો. કલાધર આર્યની ફરજ મોકુફી રદ્દ કરવા ઉઠી માગણી

## ● સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ તેમજ રાજ્યપાલ, CMને રજૂઆત

ભારત હેડલાઇન, તા.૬



સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી યશવંત જનાણીએ શિક્ષણવિદ્ અને સુટાના પ્રમુખ પ્રો. કલાધર આર્યની ફરજ મોકૂફી તાકીદે રદ કરવાની માગણી કુલપતિ સમક્ષ કરી છે. યશવંત જનાણીએ કુલપતિને રજૂઆત કરતા પત્રમાં જણાવ્યું છે કે, “સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની યુ.જી.સી. એચ.આર.ડી.સી.ના ડીરેક્ટર અને વિદ્યાર્થી અને અધ્યાપકોનાં પ્રશ્નોના નિરાકરણ માટે આજીવન જાગૃત શિક્ષક એવા પ્રો.કલાધર આર્યને નજીવા કારણોસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પૂર્વ કાર્યકારી કુલપતિના સમયકાળ દરમિયાન ફરજ મુક્ત કરવામાં આવેલ. પ્રો. આર્ય વિરુદ્ધ જે વ્યક્તિએ અરજી કરેલ હતી તે વ્યક્તિનું કોઈ અસ્તિત્વ નથી તેમ છતાં ખોટા નામે અરજી થઈ અને તેમનું સિન્ડિકેટ સભ્યપદ પણ છીનવવામાં આવ્યું અને તેમની સામે વ્યક્તિગત રાગદ્વેષ અને કિન્નાખોરી રાખી ષડયંત્ર રચાયેલ છે. સર્વગ્રાહી રીતે જોતા પ્રો.કલાધર આર્ય નિર્દોષ છે અને એમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક સન્નિષ્ઠ સ્વયંસેવક તરીકે, શિક્ષણક્ષેત્રે ચાલતી ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવેલ છે અને એક રાષ્ટ્રવાદી શિક્ષણવિદને છાજે તેવું સરાહનીય કાર્ય કરેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તા મંડળના સભ્યો વચ્ચે આંતરિક મતભેદ હોઈ શકે. પરંતુ યુનિવર્સિટીના એક કર્મશીલ વ્યક્તિ સામે આ પ્રકારના આકરા પગલાં સૌરાષ્ટ્રના શિક્ષણ જગતના હિતમાં નથી. તેથી તાત્કાલિક અસરથી તેમની ફરજ મોકૂફીનો હુકમ રદ કરી તેમને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ તેવી માંગણી છે.

# ગીતગુર્જરી સ્થા. જૈન સંઘમાં શૈક્ષણિક સાધર્મિક સહાય યોજનાનાં ફોર્મ વિતરણ કરાશે

ભારત હેડલાઇન, તા.૬

ગો.સં.ના શાસન ચંન્દ્રિકા બા.બ.પૂ. હીરાભાઈ મહાસતીજી બા.બ.પુ. સ્મીતાબાઈ મહાસતીજીની પ્રેરણાથી ઉદાર હૃદયી ધર્મરત્ના ભોગીલાલ દોશી હ. શ્રીમતી ભાનુમતીબેન શિક્ષણ સહાય યોજનાનો ગીત ગુર્જરી સંઘ રાજકોટમાં અગાઉ વર્ષોમાં આ યોજનાનો લાભ અનેક વિદ્યાર્થીઓને આપ્યો છે. આ વર્ષે આ યોજનાનો લાભ ઉચ્ચ શિક્ષણ એટલે કે ધોરણ ૧૨ તથા કોલેજમાં ભણતા જરૂરિયાતવાળા જૈન વિદ્યાર્થીઓ લઈ શકશે. જેઓએ ગત વર્ષમાં ૭૫ ટકાથી વધુ માર્ક હોવા જરૂરી છે. લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તારીખ ૦૯ થી ૧૨ સુધીમાં સવારે ૧૦ થી ૧૨ સાંજે ૪ થી ૫ દરમ્યાન ગીતગુર્જરી ઉપાશ્રયના કાર્યાલયથી મેળવી તેને પુર્ણ રીતે ભરી તારીખ ૧૬/૬ સુધીમાં ઉપાશ્રય કાર્યાલયમાં પહોંચાડવાનું રહેશે. ટ્રસ્ટીગણ યોગ્ય નિર્ણય લઈ સહાય અપાશે.

# સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં તમામ બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત



● સિવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે રકતદાન કેમ્પ કરવા અપીલ

ભારત હેડલાઇન, તા.૬

પ્રવર્તમાન ઉનાળાની ગરમીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે. સિવિલ હોસ્પીટલ બ્લડ બેન્ક, નવી ઓપીડી બિલ્ડીંગ, રાજકોટ ખાતે સવારે ૯-૦૦ થી સાંજના ૮-૦૦ વાગ્યા સુધી વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક આપનાં સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઇ શકશે. અત્યારની પરિસ્થિતિમાં રકતદાન કેમ્પોની સંખ્યા નહીવત થઇ ગઇ છે. જે રકતદાન કેમ્પો થાય છે ત્યાં પણ રકતદાતાઓ ખૂબ ઓછી સંખ્યામાં આવે છે. ગરમીનીની સીઝનમાં રકતદાન કેમ્પો સાવ ન્યુનતમ થવાના છે. આ તકલીફનાં આંશીક નિવારણ માટે અને થેલેસેમીયા પીડીત બાળકોનાં જીવન બચાવવા આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ માહિતી માટે અને કેમ્પનાં આયોજન માટે હોસ્પીટલ સેવા મંડળ (મોઃ ૯૮૯૮૬ ૧૩૨૬૭) પર સંપર્ક કરવા વિનંતી કરાઇ છે.

# રોયલ વણિક મેરેજ બ્યુરો દ્વારા રવિવારે પસંદગી મેળાવડાનું આયોજન



ભારત હેડલાઇન, તા.૬

વિશ્વ વણિક સંગઠન દ્વારા રોયલ વણિક મેરેજ બ્યુરોના સહયોગથી પસંદગી મેળાવડોનું રવિવારે સવારે ૯ થી ૪ સુધી રૂષભવાટિકા (સી.એમ.શેઠ) ન્યુ ૧૫૦ ફુટરિંગ રોડ, કટારીયા ચોકડી મોટામવા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ૧૫૦ થી વધુ યુવક યુવતીઓ આ પરિચય મેળામાં જોડાશે. વિશ્વ વણિક સંગઠન દ્વારા આયોજિત નવનીત વણિક પરિચય મેળાવડોનું રવિવારે આયોજન કરવામાં આવ્યું છે. આ તકે યુવક-યુવતીઓ અને પરિવારજનો ભાગ લઈ શકશે.

આ પસંદગી મેળામાં ભાગ લેનારા યુવક યુવતીઓએ આવવું ફરજીયાત તેમજ હાજરી અંગે રોયલ વણિક મેરેજ બ્યુરો ૬૩૫૫૮ ૯૩૬૮૮ ઉપર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને જે મેમ્બર્સ રોયલ મેરેજ બ્યુરો ખાતે ફી ભરીને મેમ્બર્સ બન્યા હશે તે તા.૧૬ થી દર રવિવારે સવારે ૯ થી ૧ વણિક ભવન શેઠ ઉપાશ્રય ખાતે બાયોડેટા જોવા મળશે.

# ૮ અને ૧૫ જૂન પોરબંદર-દિલ્હી સરાઇ રોહિલા એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે



ભારત હેડલાઇન, તા.૬

ઉત્તર પશ્ચિમ રેલવેના જયપુર ડિવિઝનમાં એન્જિનિયરિંગના કામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે રાજકોટ ડિવિઝન માંથી પસાર થતી પોરબંદર-દિલ્હી સરાઇ રોહિલા એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ પરથી દોડશે.તા. ૮ અને ૧૫ ના રોજ પોરબંદરથી ઊપડતી ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ એક્સપ્રેસ, તેના નિર્ધારિત રૂટ મારવાડ અજમેર ફુલેરા જયપુર અલવર રેવાડીને બદલે ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા મારવાડ જોધપુર મેડતારોડ ડેગાના રતનગઢ ચુરુ લોહારુ રેવાડી થઈને ચાલશે. જે સ્ટેશનો પર આ ટ્રેન નહીં જાય તેમાં બ્યાવર, અજમેર, કિશનગઢ, ફુલેરા, જયપુર, બાંદિકુઈ, અલવર અને ખૈરથલ નો સમાવેશ થાય છે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે .enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# રોયલ એકેડેમીના સિંગર ધનંજય ઉપાધ્યાયએ ૧૨ કલાક સિંગિંગ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નોંધાવ્યું નામ



ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડની ટીમ દ્વારા સર્ટિફિકેટ અને મેડલ એનાયત કરી સન્માનિત કરાયા

ભારત હેડલાઇન, તા.૬

રાજકોટના પ્રખ્યાત સિંગર અને રોયલ એકેડેમી ઈન્ડિયાના ૪૦૦થી વધુ સભ્યોમાંથી ધનંજયભાઈ ઉપાધ્યાય રોયલ એકેડેમી હોલ (નવકાર વર્લ્ડ) માં સતત ૧૨ કલાક સુધી સિંગિગ કરી એક ભવ્ય રેકોર્ડ બનાવ્યો છે. આ માટેની તમામ સુવિધા રોયલ એકેડેમી ઈન્ડિયાના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠએ વિનામૂલ્યે પુરી પાડી હતી. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા ધનંજયભાઈ ઉપાધ્યાયને સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડની ટીમ દ્વારા ધનંજયભાઈ ઉપાધ્યાયને આ રેકોર્ડ એનાયત કરવામાં આવ્યું હતો અને સાથે જણાવ્યું કે, આ એક ગૌરવ ભર્યો રેકોર્ડ છે.

આ કાર્યક્રમમાં રાજકોટના મોટાભાગના સંગીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રોયલ એકેડેમી ઈન્ડિયાના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠ અને ડાયરેક્ટર સોનાબેન શાહ, ફાલ્ગુનીબેન મહેતા, સોનલબેન ચાવડા, એન્જલબેન ગાંધી વગેરે ધનંજયભાઈ ઉપાધ્યાયને અભિનંદન આપી બહુમાન કર્યું હતું. હેમુ ગઢવી હોલમાં ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટની મોટી મોટી હસ્તીઓએ અભિનંદન આપ્યા હતા.

તેઓનું ઓગષ્ટ મહિનામાં રાજકોટના સંગીત પ્રેમીઓ દ્વારા સન્માન કરવામાં આવશે.